

સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત અંતર્ગત સ્વચ્છ નડીઆદ કાર્યક્રમમાં નડીઆદ નગરપાલિકા દ્વારા નૂતન પ્રારંભ થયેલ ફ્રૂટ માર્કેટમાં ડસ્ટબીનનું વિતરણ કરી રહેલા સંતરામ મંદિરના સંત પૂ. નિર્ગુણદાસજી મહારાજ મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ પાલિકા પ્રમુખ દિપીકાબેન પટેલ, ચીફ ઓફિસર એસ. કે. ગરવાલ, કારોબારી ચેરમેન મનીષભાઈ દેસાઈ (ભોપીભાઈ) કાઉન્સીલરો તેમજ પાલિકા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રાજુ મહંત, નડીઆદ)

# આણંદ જિલ્લામાં પ્રથમ તબક્કામાં ૨૦ થી ૨૯ એકતાયાત્રા યોજાશે

આણંદ, તા. ૧૧

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરશે. આ લોકાર્પણ કાર્યક્રમને અનુલક્ષીને સમગ્ર રાજ્યમાં બે તબક્કામાં એકતાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ એકતાયાત્રાનો મુખ્ય આશય જનજનમાં રાષ્ટ્રવાદની લાગણી જાગૃત કરવાનો છે.

આણંદ જિલ્લામાં બે તબક્કામાં એકતાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અનુસાર પ્રથમ તબક્કાની એકતાયાત્રા આણંદ જિલ્લામાં તા. ૨૦ થી ૨૯ દરમિયાન યોજાશે જેના સુચારૂ આયોજન અર્થે જિલ્લા કલેક્ટર શ્રી દિલીપ રાણાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં એકતાયાત્રાનું સુચારૂં આયોજન અર્થે અધિકારીઓને જુદી જુદી ફરજો સોંપવામાં આવી હતી તેમજ એકતાયાત્રા દરમિયાન પ્રજાજનોને વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી યોજનાકીય કામગીરીની જાણકારી આપવા જિલ્લા કલેક્ટરશ્રી રાણાએ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને જણાવ્યું હતું.

શ્રી રાણાએ અધિકારીઓ સાથે એકતાયાત્રાની વિગતવાર છણાવટ કરી એકતાયાત્રા દરમિયાન ડોક્યુમેન્ટરી પણ બતાવવામાં આવશે તેમ જણાવી જિલ્લામાં લોકોમાં રાષ્ટ્રવાદની જાગૃતિ કેળવવા પર ભાર મૂક્યો હતો.

એકતાયાત્રા રથમાં સરદાર પટેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ફિલ્મ દર્શાવવામાં આવશે તેમ જણાવી જિલ્લાના એકતાયાત્રાના નિયત કરવામાં આવેલ રૂટ વિશે વિગતવાર ચર્ચા કરી હતી.

કલેક્ટરશ્રીએ જુદા જુદા વિભાગો દ્વારા કરવાની થતી કામગીરી બાબતે પણ અધિકારીઓ સાથે ચર્ચાઓ કરી એકતાયાત્રા પૂર્વે શાળામાં સરદાર વલ્લભભાઈ પટેલ અને રાષ્ટ્રીય એકતા વિશે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવા સુચવ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અમિતપ્રકાશ યાદવ, નિવાસી અધિક કલેક્ટર પી. સી. ઠાકોર સહિત અધિકારીઓએ ઉપસ્થિત રહી વિગતવાર ચર્ચા-વિચારણા કરી હતી.

# ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, આઈસ્ટાર ખાતે યોજાઈ એન્ટરપ્રીન્યલ ઉપર ટોક



આણંદ, તા. ૧૧

આઈસ્ટાર કોલેજના ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ ખાતે મોટીવેશનલ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના એમ.બી.એ. ડિપાર્ટમેન્ટના પ્રોફેસર ડૉ. રાજુભાઈ રાઠોડે એન્ટરપ્રીન્યલ ઓપોર્ચ્યુનીટી અને પોસીબીલીટી વિષય ઉપર પોતાનું વ્યાખ્યાન રજૂ કર્યું હતું.

આ વ્યાખ્યાન અંતર્ગત તેમણે વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્યને પોતાના બળે કંડારવા પ્રોત્સાહિત કર્યા હતા. જીવનમાં આગળ વધવા અને ધ્યેય પ્રાપ્ત કરવા સખત પુરૂષાર્થ કરવા પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓ એન્ટરપ્રીન્યલ ઓપોર્ચ્યુનીટી વિષે માહિતગાર થયા હતા. કુ. અરસીએ વકતાનો પરિચય આપ્યો ત્યારબાદ ડિપાર્ટમેન્ટના વડા ડૉ. જીગર પટેલે ડૉ. રાજુભાઈને આવકાર્યા હતા અને અંતમાં ડૉ. મંદાર કર્વેએ સ્મૃતિચિહ્ન આપી આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાના પ્રિ. નિર્મલકુમારે શુભેચ્છા પાઠવી હતી.




નડીઆદમાં જિલ્લા એન્ફોર્સમેન્ટ સ્કવોર્ડ દ્વારા તમાકુ વિરોધી જનજાગૃતિ રેડમાં ૧૫ વ્યકિતઓ દંડાયા. આ રેડ જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન મુજબ આરોગ્ય શાખા ખેડા જિલ્લા પંચાયત ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી નાયબ મામલતદાર શિક્ષણ વિભાગ માહિતી વિભાગ નગરપાલિકાના અધિકારીઓ અને પોલીસ સબ ઈન્સ્પેકટોના સંયુકત ઉપક્રમે યોજાઈ હતી. તસવીરમાં દંડાયેલ દુકાન માલિક તેમજ અધિકારીગણ. (તસવીર : રાજુ મહંત, નડીઆદ)

# આણંદ નગરપાલિકા દ્વારા ૨૪મી ગરબા સ્પર્ધા યોજાઈ

આણંદ, તા. ૧૧

આણંદ ન.પા. અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ (યુ.સી.ડી.) દ્વારા ૨૪મી ગરબા સ્પર્ધા દબદબાભેર ઉજવાઈ.

જેમાં કાર્યક્રમના મુખ્ય મહેમાન જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ પટેલ, ન.પા. પ્રમુખ કાંતિભાઈ એસ. ચાવડા, ઉપપ્રમુખ અમીબેન દણાંક, ચેરમેન રાધાબેન ગંગારામ વસાવા, પૂર્વ પ્રમુખ વિજયભાઈ પટેલ, મીતાબેન પટેલ, પ્રજ્ઞેશભાઈ પટેલ તથા સભ્યશ્રીઓ મધુબેન ગોહેલ, મીનાબેન, છાયાબેન ઝાલા, હેમાબેન શેલત હાજર રહેલ.

સદર સ્પર્ધામાં ૪૯ ગ્રુપની ૭૭૧ બાળાઓ, બહેનોએ લાભ લીધેલ તેમજ સ્પર્ધામાં અધિકારી રશ્મીભાઈ પટેલ, જયેશભાઈ વાઘેલા, પરેશભાઈ મિસ્ત્રી હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆત ડી. એન. શિશુવિહારના ભૂલકાંઓની પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ.

જ્યારે એ વિભાગમાં પ્રથમ ન.પ્રાથમિક શાળા નંબર-૨, બીજા ક્રમે ન.પ્રા.શાળા-૨૯, ત્રીજા ક્રમે ન.પ્રા.શાળા-૩.

વિભાગ-એના રમાં પ્રથમ સરદાર પટેલ બાલશાળા, બીજા ક્રમે ક. મ. પટેલ બાલશાળા મોગરી, ત્રીજા ક્રમે અંબાલાલ બાલશાળા તથા વિભાગ-બી પ્રથમ ડી. એન. હાઈસ્કૂલ, બીજા ક્રમે ઠાકોરજી નગર બાલિકા મંડળ, ત્રીજા ક્રમે માધ્યમિક શાળા-૧.

વિભાગ-સીમાં પ્રથમ જય અંબે ગ્રુપ, બીજા ક્રમે સંસ્કાર મંડળ, ત્રીજા ક્રમે મંગલનગર મહીલા મંડળની બહેનોને ફાળે ઈનામ ગયા હતા.

જ્યારે વિભાગ-ડીમાં પ્રથમ હીરાબા મહીલા મંડળ વિદ્યાનગર, બીજા ક્રમે અમૂલ્ય સી.સી. કલબ, ત્રીજા ક્રમે વીરબાઈ મંડળને ફાળે શીલ્ડ એનાયત કરાયેલ.

આ સ્પર્ધામાં ૪૯ દરેક ટીમોને નગરપાલિકા દ્વારા લ્હાણી વિતરણ કરાયેલ. તથા વિજેતા ટીમોને પાલિકાના પ્રમુખ કાંતિભાઈ ચાવડા યુ.સી.ડી. વિભાગના ચેરમેન રાધાબેન ગંગારામ વસાવા તથા પૂર્વ પ્રમુખ મીતાબેન પટેલ, સેનેટરી ચેરમેન હેમાબેન શેલત તથા નિર્ણાયકો દ્વારા શિલ્ડ એનાયત કરાયેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુ.સી.ડી. વિભાગના ફીરોજ મલેકે કર્યું હતું.



ટાઉનહોલ ખાતે ૨૪મી સ્પર્ધાનું આયોજન નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું. જેમાં ૮૫ વર્ષના શારદાબેન ત્રિવેદીએ પણ ગરબામાં ભાગ લઈ અનેરો ઉત્સાહ બતાવ્યો હતો.

## આણંદ-અમદાવાદ મેમુ આણંદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૧, ૨, તથા ૩થી ઉપડશે

આણંદ, તા. ૧૧

ટ્રેન નં. ૬૯૧૨૭ આણંદ-અમદાવાદ મેમુના કોચ બદલવાના હોવાથી મહિલા તથા ફર્સ્ટ કલાસના પેસેન્જરોને થનાર અસુવિધાને લક્ષ્યમાં રાખીને હવે આ ટ્રેન ૧૨ ઓકટોબરથી આણંદ રેલવે સ્ટેશનથી પ્લેટફોર્મની ઉપલબ્ધિના આધારે પ્લેટફોર્મ નં. ૧, ૨ તથા ૩થી ઉપડશે.




ચારૂતર વિદ્યામંડળ સંચાલિત હોમસાયન્સ કોલેજમાં અભિવૃત્તિ પ્રદર્શન અને વેચાણ યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શન હેતુ વિદ્યાર્થીનીઓમાં ઉદ્યોગ સાહસિકતા કૌશલ્ય વિકસાવવા માટેના એક પ્રયાસ છે. ઉપરોકત તસવીરમાં આચાર્ય ડૉ. ભાવના ચૌહાણ, કલ્પના શ્રીવાસ્તવ, સુષ્મા લવાદ તથા વિદ્યાર્થીનીઓ નજરે પડે છે.

## સતકૈવલ કોલેજ ઓફ ફાર્મસી, સારસામાં નવરાત્રી પર્વની ઉજવણી

આણંદ, તા. ૧૧

પ.પૂ. અવિચલદાસજી મહારાજશ્રી (ગુરૂજી) પ્રેરિત સતકૈવલ કોલેજ ઓફ ફાર્મસી સારસામાં તા. ૧૦/૧૦/૧૮, બુધવારના રોજ ભવ્ય નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી.કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓ તથા કોલેજના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક જોડાયા અને ગરબા-રાસના તાલે જૂમ્યા. કાર્યક્રમની શરૂઆતમાં મા અંબેની આરતી-સ્તુતી-આરાધના કરવામાં આવી હતી. કાર્યક્રમને અંતે શ્રેષ્ઠ પરિધાન, શ્રેષ્ઠ પ્રદર્શન તથા શ્રેષ્ઠ સાતત્ય ધરાવતા વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના આચાર્ય ડૉ. ભગીરથભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તથા સંચાલન ડૉ. અંકિતાબેન ભાવસાર દ્વારા કરવામાં આવ્યું.

# તારાપુર તાલુકામાં પરપ્રાંતિય પર હુમલાનો એકપણ બનાવ બન્યો નથી

તારાપુર, ૧૧

તારાપુર ગામ તથા તાલુકામાં મોટા પ્રમાણમાં પરપ્રાંતીયો રહે છે પરંતુ તેમની પર હુમલાનો એક પણ બનાવ બનવા પામ્યો નથી.

પ્રાપ્ત માહિતી મુજબ તારાપુર તાલુકામાં ઔધિયોગિક વસાહતો ઘણી આવેલ હોય ઘણા પરપ્રાંતવાસી તાલુકામાં વસવાટ કરે છે તે જોતાં તાલુકાની શાંતિપ્રેમી જનતાએ તથા તારાપુર પોલીસની સતર્કતાને કારણે તેમની પર હુમલાનો એક પણ બનાવ બન્યો નથી.

તારાપુર પોલીસ સ્ટેશન સી પી આઈ શ્રી મકરાણી સાથે આ બાબતે ટેલિફોનીક સંપર્કમાં જણાવ્યું હતું કે, તારાપુર તાલુકામાં આવેલી ઔધિયોગીક વસાહતોની રૂબરૂ મુલાકાત લઈ પરપ્રાંતિય લોકો સાથે રૂબરૂ સંપર્ક કરી તેમને પોતાનો મોબાઈલ નંબર તથા પોલીસ સ્ટેશનનો નંબર આપી કોઈ પણ સમયે કોઈ બનાવ બને ત્યારે અમરો સંપર્ક કરવા જણાવી પરપ્રાંતિય નાગરિકોને સુરક્ષા સંબધી વિશ્વાસ અપાવ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તારાપુર તાલુકા તથા ગામમાં આ ઘટનાના પડઘા પડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટેના તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. વધુમાં અગમચેતીના પગલાં રૂપે તારાપુર પોલીસ દ્વારા ઔધીયોગિક વસાહતો પર તથા પર પ્રંતિયોના રહેઠાણ પાસે દિવસે તથા રાત્રે પેટ્રોલિંગ કરી પરપ્રાંતિય નાગરિકો પોતે સંપૂર્ણ સુરક્ષિત છે તેવો વિશ્વાસ ઉભો કરવામાં આવ્યો હતો.

**આરસીબુક ખોવાઈ છે**

એકટીવા નં. GJ 23 AS 2078 મોડલ ૨૦૧૨ જેની આરસી બુક ખોવાઈ ગયેલ છે જે સુચિત્રા વિજય રાઘવનની છે. જે કોઈને મળે જાણ કરવા વિનંતી.

M 8141102973

## નવરાત્રીની ઉજવણી પે સેન્ટર શાળા હાડગુડમાં કરાઈ

આણંદ, તા. ૧૧



આદ્યશક્તિ જગદમ્બાની આરાધના, ઉપાસનાના નવલા પર્વ નવરાત્રીની ઉજવણી પે સેન્ટર શાળા હાડગુડમા કરવામા આવી હતી. પે સેન્ટર શાળા હાડગુડમા વિધ્યાર્થીઓમા સર્વધર્મ સમભાવની ભાવનાને વધુ જાગૃત કરવા માટે વિધ્યાર્થીઓ માટે શાળાના આચાર્ય શ્રી હિરેંભાઈ મેકવાન દ્વારા ગરબાનું આયોજન નવરાત્રીના વેકેશનના પ્રથમ દિવસે કરવામાં આવ્યું હતું. વેકેશન હોવા છતા શિક્ષકો વિદ્યાર્થીઓ ગરબે ઘૂમી શકે, નવરાત્રીનો આનંદ લઈ શકે અને વિદ્યાર્થીઓનો શૈક્ષણિક સમય વિધ્યાર્થીઓન હિતમા બચાવી શકાય તે હેતુથી આવીને યોગદાન આપીને કાર્યક્રમને દિપાવ્યો હતો.

## CNG સ્ટેશન ફ્રેન્ચાઈઝી માટે આવેદનોને આવકાર

GUJARAT GAS

| ક્રમ | જિલ્લો | તાલુકો | સ્થળ | લઘુત્તમ પ્લોટ સાઈઝ મીટરમાં (ફ્રન્ટેજ X ઊંડાઈ) |
|---|---|---|---|---|
| ૧. | આણંદ | બોરસદ | ડાલી ચોકડી (ખંભાત- ધુવારણ રોડ અથવા બોરસદ-ધુવારણ રોડ પર ૫૦૦ મીટરની અંદર) | ૩૫ X ૪૫ |
| ૨. | ખેડા | નડિયાદ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ -૪૮, ડભાણ ગામ ૫૦૦ મીટરની અંદર ગુજરાત ગેસ સીએનજી સ્ટેશન સામેની બાજુએ, વડોદરા- અમદાવાદ કેરીજ-વેના ડાબી બાજુ | ૩૫ X ૪૫ |
| ૩. | ખેડા | નડિયાદ | નડિયાદ શહેર મ્યુનિસિપલ હદમાં | ૩૦ X ૩૫ |

માલિકો/જમીનમાલિકો અથવા સહમાલિકો જેમનાં નામ આવેદન/આવેદનો સુપરત કરવાના દિવસે રેવન્યુ રેકર્ડમાં દાખલ કરેલા હોવા જોઈએ. CNG સ્ટેશન ફ્રેન્ચાઈઝી સ્થાપવા માટે આવેદન સીલબંધ કવરમાં સ્પીડ પોસ્ટ/રજિસ્ટર્ડ પોસ્ટ/કુરિયર દ્વારા સુપરત કરવાનાં રહેશે.

આવેદન - પત્રના નિયત નમૂના માટે ગુજરાત ગેસ લિમિટેડની વેબસાઈટ (www.gujaratgas.com) અથવા નજીકની ગુજરાત ગેસની ઓફિસની મુલાકાત લેવા વિનંતી. આપની સહી સાથે ભરેલું આવેદન મોડામાં મોડું ૧૫મી નવેમ્બર ૨૦૧૮ ના રોજ નીચેના સરનામે મળી જવું જોઈએ.

પ્રતિ,
ચીફ એક્ઝિક્યૂટિવ ઓફિસર
ગુજરાત ગેસ લિમિટેડ,
૨, શાંતિસદન સોસાયટી, પરિમલ ગાર્ડન પાસે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬, જિ. અમદાવાદ, ગુજરાત.
ફોન : +૯૧-૭૯-૨૬૪૬૨૯૮૦, ૨૬૪૬૦૦૯૫

**Disclaimer:** Gujarat Gas Limited (GGL) reserves the right to cancel and /or alter the CNG Franchisee selection process at any stage without assigning any reason. GGL also reserves the right to reject any or all of the consent / application received at its discretion, without assigning any reason whatsoever. This advertisement does not constitute, and will not be deemed to constitute, any commitment on the part of GGL.




વલાસણ ગામમાં સ્વાઈન ફલુ રોગને અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં આણંદ જિલ્લા આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ પી.એચ.સી. કેન્દ્ર કરમસદ ડૉ. સુધીર પંચાલના માર્ગદર્શન હેઠળ આ સર્વે કરાયો હતો. તેના પગલે કરમસદ પી.એચ.સી. દ્વારા વલાસણ ગામે મેલડી માતાના મંદિરે રાત્રે નવરાત્રી દરમિયાન લોકોને સ્વાઈન ફલુના ઉકાળાનું વિતરણ કરવામાં આવનાર છે.